

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ-૧૯ : 'શુષ્ક વેદાંતના ગ્રંથનું શ્રવણ કરી દિલગીર થઈ કાગળ લખ્યાનું'નું નિરૂપણ, ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, અમે શુષ્ક જ્ઞાનીનો મત જાણવા સારુ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું...**

મહારાજ કેટલા દયાળુ છે, કૃપાળુ છે ! આપણને કંઈક અમૃત આપવા માટે, આપણે સૌ એમના સંબંધવાળા આશ્રિતોને આત્માના કલ્યાણમાં શું શું ખપનું છે ? એ આપવા માટે મહારાજે પોતે પરિશ્રમ કર્યો, દાખડો કર્યો. ૧૧ વર્ષની ઉંમરે ઘરબાર છોડ્યાં. ૧૧ વર્ષના ટાબરિયાને શું ભાન હોય ? રમતગમત ને ભણવા સિવાય કશામાં દિલચસ્પી જ ના હોય. એ ઉંમરે સ્વામિનારાયણ ભગવાને સમગ્ર ભારતવર્ષનું પરિભ્રમણ કર્યું અને બધાં જ તીર્થસ્થાનોમાં, આત્માના કલ્યાણ માટે પ્રચલિત એવાં બધાં જ સ્થાનોમાં ગયા. એવા બધા સિદ્ધાંતો, એવા બધા આચાર્યો, એવા બધા સિદ્ધોને મળ્યા. એમની વાતો સાંભળી, જાણી, એમની સાથે રહ્યા, એમની સાથે ચર્ચાઓ કરી. આઠ વર્ષમાં ભગવાને આપણા માટે કેટલું બધું ઉગ્ર તપ કર્યું ! ને સાથે સાથે કેટલું બધું પરિભ્રમણ કરીને, બધું ફિલ્ટર કરીને આપણને ક્રીમ, રહસ્ય આપ્યું ! આ ઉંમરે મહારાજ ગઢડામાં બિરાજમાન છે, તો ય શુષ્ક વેદાંતોનાં શાસ્ત્રો મહારાજ કહે, અમે સાંભળ્યાં, તેનું અમે શ્રવણ કર્યું.

**તે શ્રવણમાત્રે કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો. કેમ જે, જે શુષ્ક વેદાંતશાસ્ત્રને શ્રવણે કરીને જીવની બુદ્ધિમાંથી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈ જાય છે અને હૈયામાં સમભાવ આવી જાય છે ; એટલે અન્ય દેવની પણ ઉપાસના થઈ જાય છે. અને તે શુષ્ક વેદાંતીના વચનને જે સાંભળે તેની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થઈ જાય છે.**

મહારાજે ઉપાસનાની વાત કરી. શુષ્ક વેદાંતી ભગવાનને નિરાકાર કહે. 'અહં બ્રહ્માસ્મિ' - પોતાની જાતને સિદ્ધ દશાવાળા ભગવાન તરીકે ઓળખાવે. કેટલા બધા ભગવાનો છે ભારતમાં ! આ ભગવાન, તે ભગવાન, પણ બધા શુષ્ક વેદાંતીઓ. અષ્ટમપષ્ટમ કરીને પોતાને સિદ્ધ પુરુષ બતાવી, થોડા ચમત્કાર-પરચા કરાવીને અત્યારે કેટલા બધા ભગવાન થઈ ગયા છે ! આ બધું જોઈએ તો આપણને થાય કે, એમની પાસે છે શું ? આત્માના કલ્યાણ માટે કોઈ જ્ઞાન નથી, કોઈ શાસ્ત્ર નથી, કોઈ ઉપાસના નથી - એય લોલમલોમ ! બધી પ્રજા પણ ખબર નહીં, ઊંધું ઘાલીને ભજે, લાખો-કરોડો રૂપિયાની ભેટ મૂકે, આ કરે-તે કરે અને સંતોષ માને. મહારાજ કહે, આવા શુષ્ક વેદાંતીઓની વાત સાંભળીને અમને દિલમાં એવું થઈ ગયું કે, આ તો ઉપાસના ભંગ કરે છે અને જીવને દુર્ગતિ પમાડે એવી વાતો થાય છે. શુષ્ક વેદાંતી બૌદ્ધિક રીતે, લૉજિકલી સામા માણસને કન્વિન્સ કરીને ભ્રમિત કરી દે છે. મહારાજ કહે કે, આવા શુષ્ક વેદાંતીનાં શાસ્ત્રોનું શ્રવણ કરીને, પઠન કરીને કેટલા બધા જીવો અધોગતિને પામે, કલ્યાણના માર્ગથી પડે ! એટલે મહારાજ ઉદાસ થઈ ગયા. પાછું એનું લોકો સાંભળે છે, એનું ચાલે છે.

**અમે તો કાંઈક પ્રયોજન સારુ શુષ્ક વેદાંતની વાત સાંભળી હશે.**

મહારાજ કહે, એમાંથી જે સારું હોય તે આપણને આપવા માટે વાત સાંભળી હતી, તો પણ એ વાત સાંભળવાથી અમે ઉદાસ થઈ ગયા. તો આપણાથી તો સંભળાય જ નહીં, કારણ કે, આપણે ભ્રમિત થઈ જઈએ.

**ભગવદ્ ગીતા ઉપર જે રામાનુજ ભાષ્ય છે તેની કથા સાંભળીને અમે આજ રાત્રિએ સૂતા હતા. પછી અમને સ્વપ્ન થયું જે, અમે**

**ગોલોકમાં ગયા; ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા. તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે તે તો સ્થિર સરખા જણાયા અને કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે. તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે. અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય.**

મહારાજે રામાનુજાચાર્યની 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ની કથા વાંચી ને પછી સૂતા. પછી મહારાજ કહે, અમે રાત્રે ગોલોકમાં પહોંચ્યા. ત્યાં ઘણા સેવકો ભગવાનની સેવામાં હતા. ગોલોકમાં કીર્તન તો મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગવાતાં હતાં. તે ગાતા જાય ને ડોલતા જાય. અહીંયાં રાજુભાઈ, બાબુ કીર્તન ગાય તો આપણે ડોલવા માંડીએ. કારણ કે, પરમ ભક્તિથી, ભગવાનને રાજી કરવાના ભાવથી અને આ મૂર્તિ દ્વારા, સંતો દ્વારા ભગવાન પ્રગટ છે એવા ભાવથી તેઓ કીર્તન ગાય એટલે બધાય ડોલે.

**પછી અમે પણ એ ગાવતા હતા તે ભેળા જઈને મળ્યા ને કીર્તન ગાવવા લાગ્યા. તે ગાવતાં ગાવતાં એવો વિચાર થયો જે, આવી જે પરમેશ્વરની પ્રેમભક્તિ અને આવી જે પરમેશ્વરની ઉપાસના તેનો ત્યાગ કરીને જે મિથ્યાજ્ઞાની થાય છે અને એમ જાણે છે જે, 'અમે જ ભગવાન છીએ,' તે મહાદુષ્ટ છે.**

જોયું, અજ્ઞાનીઓ કહે, અમે જ ભગવાન છીએ. આવી સરસ ભગવાનની ઉપાસના-મૂર્તિ દ્વારા, સાધુ દ્વારા, સંતો દ્વારા ભગવાન પ્રગટ છે, એમને રાજી કરવાના ભાવથી ભક્તિ કરતા ભક્તોના સમૂહ સિવાય બધા જ્ઞાનીઓ જે ઈન્ટલૅક્ટ કુસ્તી કરે છે એની મહારાજ કહે, અમને દયા આવે છે. આપણાં કુસુમદીદી અમૅરિકામાં આપણા મંદિરે છે. સુરેન્દ્રભાઈ ભક્તહૃદય. યોગીબાપાના આશ્રિત, સ્વામિનારાયણ ભગવાનનો આશરો લીધો. અશ્વિનભાઈ, શાંતિભાઈ સાથે અસાધારણ પ્રીતિ એટલે બસ ભક્તિમાં ઊંડે. ને એમનાં વાઈફ કુસુમબહેન ઈન્ટલેક્ટ-બુદ્ધિશાળી. એટલે એમને થાય કે, આ તમે બધા શું ભેગા થઈને, ખાઈ-પીને કીર્તનભક્તિ કરો છો ! નહીં કોઈ 'ગીતા'નો પાઠ, નહીં કોઈ 'વેદ', 'ઉપનિષદ'ની - વેદ-વેદાંતની વાતો; એટલે એમને ફિટ ના બેસે. આપણે એમનો આખો ઈતિહાસ જાણીએ છીએ. તેઓ ચિન્મયાનંદ સ્વામીથી આકર્ષાયાં. ચિન્મયાનંદ સ્વામી 'ગીતા' પર જે પ્રવચનો કરે તે સાંભળી ચિન્મયાનંદ સ્વામી પાછળ ગાંડાં થઈ ગયાં. પણ છેલ્લે ચિન્મયાનંદ સ્વામીએ પોતે દેહ છોડવાના હતા ત્યારે કહ્યું કે, 'કુસુમ, હું હવે દેહ છોડી દેવાનો છું. તું પાછી સ્વામિનારાયણમાં જ જજે. એમાં રહીને ભક્તિ કરજે.' ચિન્મયાનંદ સ્વામીએ એમને આજ્ઞા કરી તો સુરેન્દ્રભાઈ સાથે ભક્તિમાં જોડાઈને, બધું સોંપીને ઍલનટાઉન મંદિરે રહેવા આવી ગયાં. હવે સમજાયું કે, આ જ સાચી ભક્તિ છે, ઉપાસના છે. પેલી બૌદ્ધિક કુસ્તી હતી.

જ્ઞાની પુરુષો બૌદ્ધિક કુસ્તી કરતા હોય, પણ શુષ્કતા આવી જાય. એટલે મહારાજે 'શુષ્ક વેદાંતી' શબ્દ વાપર્યો. વેદાંતનું જે જ્ઞાન છે એ માણસને બાવળિયા જેવો બનાવી દે, શુષ્ક બનાવી દે. આનંદ ના આવે. જીવનમાં પ્રભુને પ્રસન્ન કરવાનો જો આનંદ જોઈતો હોય, તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. કીર્તનભક્તિ, શ્રવણભક્તિ એમ જે નવ પ્રકારની ભક્તિ છે, એમાંથી જેમાં આપણું અંગ બેસે એ ભક્તિ કરો તો જીવનમાં કો'ક આનંદ જુદો આવે, કંઈક કર્યાનો અંતરથી સંતોષ મળે. એટલે મહારાજે કહ્યું કે, જ્ઞાનની જરૂર છે મહિમા સમજવા માટે, પણ ઉપાસના જોઈશે. શુષ્ક વેદાંતીઓ તો ઉપાસનામાં જ સુરંગ મારે છે. ભગવાન નિરાકાર છે તો પછી ધ્યાન કોનું કરશો ? ભક્તિ કોની કરશો ? મહિમા ને ગુણગાન કોનાં ગાશો ? એટલે શુષ્કતા આવી જાય.

તમને લાડુના વખાણ કર્યા કરે, પણ મૂર્તિમાન લાડુ મળે નહીં ત્યાં સુધી એનો આનંદ ના આવે, ભૂખ ના જાય. એમ જે જ્ઞાનનું વર્ણન કર્યું છે, એ જ્ઞાન ભગવાનને આધારે છે; એ ભગવાનનું દર્શન કરો, એ ભગવાનનો મહિમા ગાવ, અને સૌને ભગવાનમાં જોડો એ જ્ઞાન !

**જીવનમાં પ્રભુને પ્રસન્ન કરવાનો જો આનંદ જોઈતો હોય, તો ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. કીર્તનભક્તિ, શ્રવણભક્તિ... એમ જે નવ પ્રકારની ભક્તિ છે, એમાંથી જેમાં આપણું અંગ બેસે એ ભક્તિ કરો તો જીવનમાં કો'ક આનંદ જુદો આવે, કંઈક કર્યાનો અંતરથી સંતોષ મળે.**





**જ્ઞાન ભગવાનને આધારે છે;**
**એ ભગવાનનું દર્શન કરો,**
**એ ભગવાનનો મહિમા ગાવ,**
**અને સૌને ભગવાનમાં જોડો એ જ્ઞાન !**
**જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર**
**ભગવાનને ઓળખવા એ !**

જ્ઞાનનું જ્ઞાન અને સારનો સાર ભગવાનને ઓળખવા એ ! તો કયા ભગવાનને ઓળખવા ? નિરાકાર ભગવાનનો આકાર જ ના હોય એ ભગવાનને શું ઓળખો ? એટલે સાકાર ને પ્રગટ ભગવાનની જ્યારે મહિમારૂપી વાતો થાય એ જ્ઞાન સાચું અને એમાં હૈયામાં આનંદ અનેરો આવે; મહારાજે એ કહ્યું. આ બધા ઊંધા પાટે ચડી જાય છે, એટલે 'કાગળ લખીએ' એવું મહારાજ પછી કહે છે.

મહારાજ કહે, અમે ગોલોકમાં ભક્તોની ભેળા બેઠા ત્યાં પરમ આનંદ, પરમ શાંતિ હતી. ત્યારે થયું કે, આવી સુંદર નવધાભક્તિનો આનંદ મૂકીને આ માણસો શું કામ વિતંડાવાદમાં પડતા હશે ? મહારાજને એમની દયા આવી. અને બધા 'અહં બ્રહ્માસ્મિ' – અમે જ ભગવાન છીએ કહીને પોતાને જ ભગવાનનું પ્રતિપાદન કરાવે. ઠેર ઠેર પરચા ને ચમત્કાર અને એનો જ પ્રચાર થાય. અને ચમત્કાર ને પરચાને જ ભગવાન માનીને માણસો એમની પાછળ આંટાફેરા કરતા હોય છે, સમય બગાડે છે. 'અમે જ ભગવાન છીએ', એવું જે માને છે તેમના માટે મહારાજે 'મહાદુષ્ટ' શબ્દ વાપર્યો છે. 'દુષ્ટ' નહીં 'મહાદુષ્ટ'. મહારાજને કેટલી ચીડ ચડી એમના ઉપર ! આપણે એવા કૅપેબલ નથી એટલે આપણે એવાં શાસ્ત્રો વાંચવાં જ નહીં ને એવાનો સમાગમ પણ ના કરવો; મહારાજ એ કહે છે.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે.**

ધર્મ થકી, ભગવાનની ભક્તિ થકી કોઈ પણ પ્રકારે પાછો ના પડે, જોયું ! નહીં તો આપણે બહાર ફરવાનું, બહાર ઘણા માણસોને મળવાનું હોય. ઘણાને એવી ટેવ હોય કે, લાવો આમનું પ્રવચન સાંભળીએ, તેમનું પ્રવચન સાંભળીએ ! પણ છોડોને એ બધું ! તમે સાયન્સ કૉલેજમાં દાખલ થયા પછી આર્ટ્સ, કૉમર્સમાં શું કામ ફાંફાં મારવાં છે ? એમાં કશો ભલીવાર આવે નહીં. સાયન્સમાં કે આર્ટ્સમાં કશામાં પત્તો નહીં પડે. એટલે મહારાજ કહે, ગમે ત્યાં જઈએ પણ ખ્યાલ હોવો જોઈએ.

સોખડાના એક ભાઈ હતા. તેઓ વડોદરામાં માંડવીથી ન્યાય મંદિરની વચ્ચે ઝવેરી બજાર છે ત્યાંથી પસાર થતા હતા. ત્યાં સોના–ચાંદીની દુકાનો હોય. દુકાનવાળાએ શૉકેસમાં ઘરેણાં મૂક્યાં હોય તે આ ભાઈ બહારથી જોતા હતા. આમણે સફેદ ખાદીનાં કપડાં ને ટોપી પહેરેલાં એટલે નેતા જેવા લાગે. પેલા ઝવેરીને થયું કે, આ કોઈ સારો ઘરાક લાગે છે. એટલે ઝવેરી કહે, 'ભાઈ, બહારથી જુઓ છો તે અંદર આવો ને !' ઝવેરીને એમ કે, આ કશું શોધતા લાગે છે. એ ભાઈ અંદર ગયા એટલે ઝવેરીએ જુદા જુદા દાગીના કાઢીને બતાવ્યા. તમે જાણો છો, સોનીની દુકાને જાવ એટલે બધાં સૅમ્પલ ફટાફટ કાઢીને બતાવે. એમ આ દુકાનવાળા ઝવેરીએ અડધો કલાક આ ભાઈને બધા દાગીના બતાવ્યા ને પછી પ્રશ્ન પૂછ્યો, 'બોલો, તમારે શું લેવું છે ?' ત્યારે આ ભાઈ કહે, 'મારે પાણીનું માટલું લેવું છે.' પેલો ઝવેરી તો જે ગુસ્સે થયો ! 'ભલા માણસ! આ પાણીના માટલાની દુકાન છે ?' ત્યારે આ ભાઈ કહે, 'જો ભાઈ, તમે મને બોલાવ્યો. મેં કશું કહ્યું નહીં ને તમે બધું બતાવવા માંડ્યા. પછી તમે પૂછ્યું તો હું જે લેવા નીકળ્યો હોઉં તે જ કહુંને !' એમ, પાણીનું માટલું લેવા માટે ઝવેરીની દુકાનમાં ફાંફાં મારો તો મળે ? આત્માનું કલ્યાણ કરવું હોય તો કલ્યાણ જ્યાં થાય ત્યાં જાવ, બીજે ફાંફાં મારવાનું મૂકી દો. ખોટો સમય ને પૈસા બગાડો છો. એટલે તમારે શું જોઈએ છે ? એ પહેલું તમે નક્કી કરો. છતી દેહે આત્માનું કલ્યાણ કરવું છે, ભગવાનને રાજી કરવા છે; તો પછી જ્યાં ભગવાન પ્રગટ છે ત્યાં જ જાવને, બીજે બધે શું કામ ફાંફાં મારો છો ?

એટલે મહારાજ કહે, ગમે ત્યાં જઈએ, ગમે ત્યાં ફરીએ, તો આપણને ખ્યાલ આવવો જોઈએ કે, મારા આત્માના કલ્યાણમાં આ કામનું નથી તો પછી શું કામ સમય બગાડો છો ? શું કામ જ્યાં ને ત્યાં ફાંફાં મારો છો ? મહારાજ કહે, તમારે આવું બધું ના કરવું પડે એટલે તો બધું હું કરીને આવ્યો છું, ને તમને કહું છું એ કરોને !

ભેંસ લાવો, પછી એને દોહો, પછી એ દૂધને આખરો, પછી એનું દહીં કરો, પછી એનું માખણ કરો, પછી એ માખણને ગરમ કરી એનું ઘી

કરો અને પછી તમે ખાવ; કેટલી બધી ઝંઝટ છે ? એના કરતાં અમૂલનો ઘીનો ડબ્બો લાવી તેમાંથી ચમચીથી કાઢીને ખાવા માંડોને ! એમ, આત્માના કલ્યાણ માટે આવી બધી શોધાશોધ કરવામાં તમે બધા ભરવાઈ પડશો. એટલે મેં આઠ વર્ષ સમગ્ર ભારતનું પરિભ્રમણ કર્યું, સર્વ સાથે વાદ-વિવાદ કરી, સંતો-મહંતો-આચાર્યો એ બધાને મળીને, કળિયુગમાં આત્માના કલ્યાણ માટે જે શ્રેષ્ઠ માર્ગ છે એટલે કે ભક્તિમાર્ગ, એ મેં તમને આપ્યો છે. હવે ફાંફાં મારવાનું મૂકીને ભક્તિના માર્ગે ચાલવા માંડો.

તમને અહીંથી બતાવ્યું હોય કે, અહીંથી નીકળીને તમે જમણી બાજુ વળજો, પછી સીધા જજો, રેલવે ઑવરબ્રિજ ચઢીને ડાબી બાજુ વળી જજો, નૅશનલ હાઈવે નંબર-૮ આવશે. પછી નાકની દાંડીએ ચાલ્યા જજો તો સીધું બારડોલી આવી જશે. પણ પછી ફાંફાં મારો તો કુટાઓ જ ને ? એમાં પછી કોનો વાંક છે ? ચિખોદરાનું બૉર્ડ આવે તો ચિખોદરા જાવ. આગળ ડાકોર છે તો ડાકોર જઈ આવો, આગળ પાછું શામળાજી છે તો શામળાજી જઈ આવો. આમ કરો તો બારડોલીને બદલે તમે દિલ્હી પહોંચી જાવ ને તમારો પત્તો પડે નહીં. એમ ઘણાને એવી ડાફોળિયાં મારવાની ટેવ હોય. મહારાજ એ કહે છે કે, હું એ બધું કરીને આવ્યો છું અને તમારા માટે મેં આટલું બધું કર્યું તો તમે મારામાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને આ કરવા માંડો, બીજી કશી જરૂર નથી.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, જે પ્રકારે ધર્મ થકી તથા ભગવાનની ભક્તિ થકી કોઈ રીતે પાછો ન પડે અને પોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ નારાયણ તેમાંથી કોઈ રીતે બુદ્ધિ ડગે નહીં, એવો લાવો એક કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલીએ.**

જોયું, ગમે ત્યાં જાય પણ ધર્મ-નિયમમાં, ભક્તિમાં કોઈની મતિ ડગે નહીં, ક્યાંય ફાંફાં મારવાનું મન ના થાય એવા સોલિડ ભક્તો થાય એના માટે લાવો, એક કાગળ લખીએ; એવું મહારાજ કહે છે. આપણે કોઈ માગણી કરી નથી, પણ મહારાજને કૃપાળુ એટલે કહ્યા કે, વણકહ્યે આપણા હિતની રક્ષા કરે, વણકહ્યે આપણે કલ્યાણના માર્ગેથી પડીએ નહીં એવું આપણું જતન કરે. એ સમર્થ ગુરુ ને સમર્થ ભગવાન કહેવાય !

**લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના સર્વ પરમહંસ તથા સર્વ સત્સંગી બાઈ-ભાઈ નારાયણ વાંચજ્યો. બીજું, અમારી આજ્ઞા એમ છે જે, શ્રીકૃષ્ણ નારાયણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મના સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય, અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર ગુણે સંપન્ન એવા જે પોતાના એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષા કરવાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવ-મનુષ્યાદિકને વિષે થાય છે.**

મહારાજ પોતે સ્વયં ભગવાનનું સ્વરૂપ ! ભગવાન શાથી પ્રગટ થયા ? બ્રહ્મચર્ય, અહિંસા સાથે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત પરમ એકાંતિક જે સંત - આવા સંતોનું, આવા ભક્તોનું રક્ષણ કરવા, માયાથી પર લઈ જવા માટે અને સર્વના આત્માના કલ્યાણ માટે માનવરૂપ ધારણ કરીને આપણને દર્શન દે છે.

**તે અવતારને વિષે પતિવ્રતાના જેવી અનન્યપણે નિષ્ઠા રાખવી.**

એવા ભગવાનનો આપણે આશરો કર્યો છે, જેમનો આપણે સ્વીકાર કર્યો છે, જેમના વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે, એમનું જ પતિવ્રતાપણું ! એ જ મારા ઈષ્ટદેવ ! મારે કે તારે, સુખનો દેનારોય મારો પ્રભુ છે અને દુઃખને ટાળનારોય મારો પ્રભુ છે.

કોઈ કહે, 'તિરુપતિની યાત્રા કરી, ત્યાં વાળ ઉતારી આવીએ તો કામ થાય છે', તો ત્યાં જાય. કોઈ કહે કે, 'અહીં જવાથી કે ત્યાં જવાથી કામ થાય છે', તો ત્યાં જાય. એમ માણસ ફાંફાં જ મારતો હોય છે. એને ખબર છે જ નહીં કે, શું કામ થાય છે ને શું કામ નથી થતું. પણ પાંચ-પચ્ચીસ જણા કહે કે, 'આની બાધા રાખવાથી મારું કામ પાર પડ્યું', એટલે પછી

> ભગવાનનો આપણે આશરો કર્યો છે,
> જેમનો આપણે સ્વીકાર કર્યો છે,
> જેમના વિશે આપણને આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ છે,
> એમનું જ પતિવ્રતાપણું !
> એ જ મારા ઈષ્ટદેવ !
> મારે કે તારે, સુખનો દેનારોય મારો પ્રભુ છે
> અને દુઃખને ટાળનારોય મારો પ્રભુ છે.





મારા પ્રભુ મને મળ્યા છે,
સુખ જોઈતું હશે તો મારા પ્રભુ પાસે માગીશ
અને દુઃખ ટાળવું હશે તો મારા પ્રભુ ટાળશે.
બીજા કોઈ ટાળે તો મારે ટળાવવું પણ નથી.
આવી ખુમારી હોવી જોઈએ ભક્તમાં !
મારા ઈષ્ટદેવ, મારા ભગવાન થકી જ
મારે સુખી થવું છે, બીજાના થકી નહીં.

એની બાધા રાખે. કોઈ ત્રીજો મળે ને કહે કે, 'હું અહીં જઈ આવ્યો ને નારિયેળ વધેર્યું તો કામ થયું', તો ત્યાં જઈને નારિયેળ વધેરે ! આ તો કંઈ દુકાનો છે કે, જ્યાં જાવ ત્યાં કામ કરે ? મારા પ્રભુ મને મળ્યા છે, સુખ જોઈતું હશે તો મારા પ્રભુ પાસે માગીશ અને દુઃખ ટાળવું હશે તો મારા પ્રભુ ટાળશે. બીજા કોઈ ટાળે તો મારે ટળાવવું પણ નથી. આવી ખુમારી હોવી જોઈએ ભક્તમાં ! મારા ઈષ્ટદેવ, મારા ભગવાન થકી જ મારે સુખી થવું છે, બીજાના થકી નહીં. સ્ત્રી પોતાના ધણી થકી જ સુખી થાય, બીજાને ત્યાં ફાંફાં મારે તો પતિવ્રતા સ્ત્રી ના કહેવાય. મહારાજ કહે, એવું નહીં કરો. મારો આશરો થયો તો દૃઢતા રાખો. મને વળગી રહો, મારી ભક્તિ કરો.

**જેમ સીતાજીને શ્રીરામચંદ્રને વિષે નિર્દોષપણે નિષ્ઠા હતી તેમ નિષ્ઠા રાખવી.**

સીતાજીને શ્રી રામચંદ્ર ભગવાન વિષે નિર્દોષભાવે યુક્ત નિષ્ઠા હતી. તેઓ એમનાં ધર્મપત્ની કરતાં વિશેષ એમનાં શિષ્ય હતાં. ભગવાન તરીકે જ રામને માનતા હતા. કેવળ નિર્દોષ ! વગર વાંકે જંગલમાં મોકલ્યાં તોય શ્રી રામચંદ્ર ભગવાન દુઃખી થાય એવું કાંઈ કર્યું નહીં, એવી નિષ્ઠા ભક્તને હોવી જોઈએ. આવી સીતાજી જેવી સમજણ હોય તો સ્વામિનારાયણ ભગવાન કહે, બધાં 'વચનામૃત' સિદ્ધ થઈ જાય.

**અને એવા જે ભગવાન તેની હેતે કરીને માનસી પૂજા કરવી તથા દેહે કરીને નવ પ્રકારે ભક્તિ કરવી. અને જો એ શ્રીકૃષ્ણ નારાયણના અવતાર પૃથ્વીને વિષે પ્રકટ ન હોય તો તેની જે પ્રતિમા તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુળસી આદિક સામગ્રી તે વતે કરવી.**

ભગવાન પ્રગટ હોય ત્યારે તેમનાં દર્શન કરવાં અને ભગવાનની મૂર્તિ હોય તો માનસિક રીતે ગુલાબ આદિ પુષ્પોથી, ચંદનથી પૂજન કરો, થાળ કરો, આરતી કરો. પોતાના ઈષ્ટદેવની, પોતાના ગુરુદેવની માનસિક રીતે થાય એ નવધાભક્તિ કર્યા કરવી. પ્રભુએ આપણને દરેકને પૂજા વ્યક્તિગત એટલે આપી કે, માનવરૂપે, સત્પુરુષરૂપે ભગવાન આપણી સમક્ષ ના હોય તો એમની પ્રતિમા એટલે કે એમની મૂર્તિઓની પૂજા-અર્ચના કરવી. પુષ્પ ના હોય તો પણ માનસીમાં અર્પણ કરો. ભગવાનને માનસીમાં પકવાન ધરાવો ને ! માનસીમાં તો સરસમાં સરસ પૂજા કરવી.

**ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી.**

બીજા કોઈની ઉપાસના ના કરવી. બધા પૂજનીય છે, બધા સારા છે. જેમ સ્ત્રીએ લગ્ન કર્યું તો એના પતિ સિવાય ઘરમાં બીજા પુરુષો – સસરા હોય, દિયર હોય. બધા જમવા બેસે તો એના પતિને જ કંઈ ગળી રોટલી ખવડાવે ? બધાને ખવડાવે, બધાને માટે બનાવે. ગરમાગરમ ભજિયાં બનાવે તો એના પતિને ટાઢાં આપે, પણ પહેલાં મહેમાનને ગરમગરમ આપે. એમ મહારાજ કહે, સેવા કરો બધાની, પૂજનીય બધાને માનો, પણ જેમ સ્ત્રીએ સેવવાના તો પોતાના પતિને જ હોય, એમ આપણે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને સેવવા.

**અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે. માટે ભગવાનને વિષે સીતા ને રુકિમણીના જેવી ભક્તિ કરવી.**

જો આપણે બીજા દેવની ઉપાસના કરીએ તો મોટો દોષ લાગે છે ને વેશ્યા જેવી ભક્તિ થાય છે. સીતાજી ને રુકિમણી જેવી ભક્તિ એટલે રુકિમણીને બસ શ્રી કૃષ્ણ ભગવાન ને સીતાજીને શ્રી રામચંદ્ર ભગવાન હતા એમ આપણે માટે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન ને આપણા ગુરુ ! બીજા પૂજનીય, દર્શનીય, ઘરે આવે તો સેવા કરીએ, બોલાવીએ. પહેલાંના વખતમાં વૈષ્ણવોમાં આ પતિવ્રતાપણાની ભક્તિ બહુ જડબેસલાક હતી. અણસમજુ વૈષ્ણવોમાં એટલી બધી જડતા હતી કે, પોતાના ઈષ્ટદેવ વિષ્ણુ ભગવાન સિવાય, કૃષ્ણ ભગવાન સિવાય કોઈનું નામ પણ ના લેવાય. 'બ્રહ્મસંબંધ' ના બાંધ્યો હોય તો એના ઘરે પાણી પણ ના પિવાય. કોઈ વૈષ્ણવ બહેન દરજીને ત્યાં કપડાં સિવડાવવા

જાય ને કોઈ રસ્તામાં પૂછે કે, 'ક્યાં જઉં છું ?' તો કહે, 'કપડાં સંધાવા જઉં છું.' શું કહે ? 'કપડાં સંધાવા' 'સિવડાવવા'માં 'શિવ' આવ્યા ને ! શિવનું નામ ના બોલાય. કારણ કે, પોતાની અણસમજણથી માનેલી પતિવ્રતાની ભક્તિ ! શ્રીકૃષ્ણ ભગવાન સિવાય કોઈનું નામ ના બોલાય.

સ્વામિનારાયણ ભગવાને સુધારો એ કર્યો કે, એમણે બધા દેવોને પધરાવ્યા. નરનારાયણ દેવ પધરાવ્યા, લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, રાધારમણ દેવ પધરાવ્યા, ગોપીનાથજી પધરાવ્યા; આ બધા ભગવાનના અવતારોને પધરાવ્યા. બધા પૂજનીય છે, દર્શનીય છે, પણ ઉપાસના આપણા ઈષ્ટદેવની હોય. એમની સ્મૃતિ, એમને રાજી કરવાનો ભાવ, એમના થઈને જીવન જીવવાનો આલોચ ! બાકી, તમે બધાની સેવા કરો, બધાને બોલાવો, હસીને બધા સાથે વાત કરો. મહારાજ કહે, એ તો કરવાનું છે અને આ સાચી ભક્તિ છે. અને પછી તો બધામાં પ્રભુનાં દર્શન કરવાનાં છે – 'જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ના ભાસે રે.' એટલે પતિવ્રતાનો પહેલો પાયો જડબેસલાક હોય, જેને નિષ્ઠા કહેવાય ! પોતાના ઈષ્ટદેવને વિષે સોલિડ નિષ્ઠા અને એમની ભક્તિ; એ બે જડબેસલાક હોય પછી ભગવાન કહે, આપોઆપ બધું ખૂલતું જશે.

વૈષ્ણવ સમાજના આચાર્યો પણ ખરેખર વૈષ્ણવ સમાજને સરસ રીતે લીડ કરી, એક સંવાદિતા ઊભી કરી રહ્યા છે. આપણે સ્વામિનારાયણને ત્યાં તેઓ ઉત્સવોમાં આવે છે, આશીર્વાદ આપે છે. બધાં મંદિરોમાં જાય છે, દર્શન કરે છે. બધા ભક્તો સાથે હળે-મળે છે. તેના કારણે જેમ શિક્ષણ વધ્યું, જ્ઞાન શુદ્ધ થવા લાગ્યું એમ આ જૂની ભદ્રંભદ્રતાઓ ઓછી થવા માંડી. સર્વ ધર્મોમાં સંવાદિતા વધી રહી છે.

નહીં તો ભગવાન જે કહેવા માગતા હતા એ સમજ્યા વગર સ્વામિનારાયણ ભગવાને 'બીજા દેવની ઉપાસના ન કરવી' એવું કહ્યું તો પછી સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ જ નહીં, એવું નહીં. મહારાજ એવું નથી કહેવા માગતા. આપણા હૈયામાં, આપણા ઈષ્ટદેવ સિવાય કોઈનો ભાર ના પડે. કંઈ થાય તો આપણા ઈષ્ટદેવને જ ભજન-પ્રાર્થના કરીને એમને જ ઉપાયભૂત કરાય. આપણા ઈષ્ટદેવ જે કરી રહ્યા છે, તે મારા રૂડા માટે કરી રહ્યા છે, એવી જડબેસલાક નિષ્ઠા હોય. કંઈ પણ થાય તો એમાંથી બહાર નીકળવા ઈષ્ટદેવે આપેલો 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ થાય-એ સિવાય કાંઈ ના થાય. આ આપણે સત્સંગી થયા. પણ બીજાના ઈષ્ટદેવ કે બીજા ભગવાનના ભક્તોને વિશે વાદવિવાદ કરીને તેમને હરાવવાની વાત કરે કે, એમના બદલે મારા ભગવાન મોટા છે, મારા ગુરુ મોટા છે; એ બધું અજ્ઞાન છે. એ બધામાં ના પડવું, મહારાજ એ સમજાવી રહ્યા છે.

**અને તે ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજું, જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું.**

એવા સંતો કે જેમને ઉપાસના નથી છતાં સિદ્ધદશાને પામ્યા છે, યાદ રાખો ! માનવ શરીરમાં એટલી બધી શક્તિઓ છે, એટલો બધો પાવર છે કે, એને જો ખીલવવામાં આવે તો માણસ આરપાર જોતો થઈ જાય, મારું-તમારું મન વાંચતો થઈ જાય, મારા-તમારા ભૂતકાળ-ભવિષ્યનું કહેતો થઈ જાય; એવા ઘણા સિદ્ધો છે. તો એમનું ધ્યાન ના કરવું.

**અને સર્વને પોતપોતાના વર્ણાશ્રમધર્મને વિષે દઢપણે વર્તવું.**

વર્ણાશ્રમમાં ત્યાગીને ત્યાગીના ધર્મ ને ગૃહસ્થને ગૃહસ્થના ધર્મ ! વર્ણાશ્રમ પાછા બીજા પણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર. વર્ણ પ્રમાણે આશ્રમ આપ્યા હતા, પણ એ બધું અત્યારે ઊડી ગયું છે. અત્યારે બ્રાહ્મણોય નોકરી કરતા થઈ ગયા છે. બ્રાહ્મણ હોય ને ડૉક્ટર થઈને ઑપરેશન કરતા થઈ ગયા છે. પછી મહારાજે બે આશ્રમ રાખ્યા – ત્યાગાશ્રમ ને ગૃહસ્થાશ્રમ ! ગૃહસ્થોએ સરસ ઘર વસાવવું, સરસ રહેવું, પોતાનાં દીકરા-દીકરીઓને સરસ ભણાવવાં-એવું બધું સરસ કરવું. ને ત્યાગીઓએ ભગવાનને રાખવા, બીજી પળોજણ નહીં કરવાની. ભગવાન રાજી થાય એવી જ વસ્તુઓ આપણી પાસે રાખવી છે. બાકી, ભગવાનને

આપણા હૈયામાં,
આપણા ઈષ્ટદેવ સિવાય કોઈનો ભાર ના પડે.
કંઈ થાય તો આપણા ઈષ્ટદેવને જ ભજન-પ્રાર્થના કરીને
એમને જ ઉપાયભૂત કરાય.
આપણા ઈષ્ટદેવ જે કરી રહ્યા છે, તે મારા રૂડા માટે કરી રહ્યા છે,
એવી જડબેસલાક નિષ્ઠા હોય.
કંઈ પણ થાય તો એમાંથી બહાર નીકળવા
ઈષ્ટદેવે આપેલો 'સ્વામિનારાયણ' મંત્રનો જાપ થાય.





**ભગવાનને સદાય સાકાર, પ્રગટ અને દિવ્ય છે એવું મનાવતા હોય ને ભગવાન, આવા સંતો ને ભક્તોનો મહિમા વધારતા હોય; એ જ જ્ઞાનમાં આપણી સૂઝ પડે, બાકી બીજો સ્વીકાર જ ના થાય. ભગવાન રાજી થાય, ભગવાનનો મહિમા સમજાય, ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા અર્થે જે કંઈ થાય એવું બધું સ્વીકાર થાય. એને જડબેસલાક નિષ્ઠા કહી.**

ના ગમે એવી કોઈ વસ્તુની આપણે જરૂરિયાત નથી. ત્યાગીને ઓછામાં ઓછી જરૂરિયાત અને વધારેમાં વધારે ભગવાનના થઈને જીવન જીવવાનો આલોચ, આ ત્યાગાશ્રમ ! અને ગૃહસ્થોએ બધાની સેવા માટે, બધા આવે ત્યારે તેમની આગતા-સ્વાગતા માટે બધું વસાવવાનું, પણ ભગવાન રાજી થાય છે એવો ભાવ રાખીને ગૃહસ્થ તરીકે જીવન જીવવાનું.

અમે સાધુઓ ભાતભાતનું બધું લઈને-થેલા લઈને નીકળીએ એટલે અમારે પળોજણ એ થાય કે, મારો થેલો ક્યાં ગયો ? મારો મૉબાઈલ ક્યાં ગયો ? આપણે ભગવાનમાં રહેવાનું એટલે ઓછામાં ઓછી જરૂરિયાત હોવી જોઈએ. શી જરૂરિયાત છે ? જ્યાં જઈએ ત્યાં હરિભક્તો આપણી પાસે સત્સંગ કરતા હોય છે અને આપણું ખાવાપીવાનું તો તેઓ ગોઠવતા હોય છે. એટલે એ પળોજણમાં આપણે પડવાનું જ નહીં. ઍરોપ્લૅનનું સૂત્ર છે : 'Less Luggage More Comfortable.' તમે જુઓ, પ્લૅનમાં ખાસ કરીને દુબઈથી બેસે ત્યારે જોવા જેવું હોય. બેગો તો ભરાઈ ગઈ હોય પણ પછી વધ્યું હોય તે થેલામાં નાખે. બેય બગલમાં એક-એક થેલો હોય. પછી પ્લૅનમાં આવે ત્યારે સીટ નાની હોય અને સીટ નીચે ઓછી જગ્યા હોય એટલે થેલા ક્યાં મૂકે ? લૉબીમાં તો ઍરહૉસ્ટેસ મૂકવા ના દે. એટલે થેલા ખોળામાં લઈને બેસે કાં પગ આગળ મૂકે. એટલે આખી લાંબી મુસાફરી અસુવિધાવાળી બની જાય. પણ શું થાય હવે ? રાગ એટલે. એમ સાધુને ભગવાનમાં રહેવાનું, બાકી 'Less Luggage More Comfortable' સાધુને ઓછામાં ઓછી જરૂરિયાત અને ઓછામાં ઓછી ટેવ હોવી જોઈએ. મળ્યું તો ઠીક છે અને ના મળ્યું તો ભગવાનની ઈચ્છા ! આ પ્રકારે સાધુનું જીવન ફકીર જેવું હોવું જોઈએ. એને આ જોઈશે ને તે જોઈશે એવું હોય જ નહીં. ભગવાનમાં રહેવા સિવાય મારે કાંઈ જોઈતું નથી. અને એવો જો સાધુ હશે, તો એ સાધુ ટૅન્શન ફ્રી હશે. એટલે ત્યાગીને ત્યાગીની રીતે વધુમાં વધુ ભગવાનમાં રહેવાનો અને સેવા કરતા ભક્તોને વધુમાં વધુ પ્રભુ આપવાનો આલોચ - આ બે હોવું જોઈએ.

**બીજું, આ જે અમારી આજ્ઞા છે તેને જે પુરુષ દઢપણે પાળશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદના જેવી દઢ ભક્તિ થશે. અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે. અને આ અમારા વચનને જે નહીં માને તેની ભક્તિ વેશ્યાના જેવી થશે.**

મહારાજ કેવા શબ્દો વાપરે છે! આપણને જાગ્રત કરે છે. નિષ્ઠા રાખજો, દઢ પતિવ્રતાપણું રાખજો ને ફાસફુસિયા આવી વાતો કરનારા, એવાં ચોપનિયાં, પુસ્તકો, ગ્રંથો એને ધ્યાનમાં જ નહીં લેતા. ભગવાનને સદાય સાકાર, પ્રગટ અને દિવ્ય છે એવું મનાવતા હોય ને ભગવાન, આવા સંતો ને ભક્તોનો મહિમા વધારતા હોય; એ જ જ્ઞાનમાં આપણી સૂઝ પડે, બાકી બીજો સ્વીકાર જ ના થાય. આપણા મગજમાં ભગવાન રાજી થાય, ભગવાનનો મહિમા સમજાય, ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા અર્થે જે કંઈ થાય એવું બધું સ્વીકાર થાય. એ સિવાયનું કશું સ્વીકાર ના કરે, આપણું મગજ જ ના પાડી દે, એને જડબેસલાક નિષ્ઠા કહી.

મહારાજે બધા ભક્તોને કાગળ લખ્યો કે, તમે બધા બહાર ફરો છો, ઘણા બધાને મળો છો, ઘણા બધાની વાતો સાંભળો છો, ઘણું બધું વાંચો છો, ઘણા બધાનો સમાગમ કરો છો; પણ એમાં કાળજી આટલી રાખજો કે, આવું કંઈ આવે એનો સ્વીકાર નહીં કરવાનો. ભગવાન સદાય સાકાર, પ્રગટ, કર્તાહર્તા છે અને એમના સંબંધવાળા સૌ નિર્દોષ ને દિવ્ય છે. એ માનીનતામાંથી ચલિત કરાવે એવાની કોઈ વાતનો સ્વીકાર નહીં, એ જ્ઞાન !

**સંવત ૧૮૭૮ના માગશર વદિ ૧૪ને દિવસ લખ્યો છે. એવી રીતે કાગળ લખીને દેશદેશના સત્સંગી પ્રત્યે મોકલાવ્યો.**

મહારાજે કેવી કૃપા કરી ! કેટલું બધું ધ્યાન રાખે છે આપણા બધાનું ! એમાં આપણે સૌ ફાવી ગયા છીએ.

બોલો શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆